https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/union-railway-minister-ashwini-vaishnav-honors-five-startups-at-edii-in-gandhinagar-130020335.html?_branch_match_id=1051093382311104573&utm_campaign=130020335&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNO3iAh0rcpxNiooSgIAkwZCRR4AAAA%3D

# ડિજિટલ ઈન્ડિયા વીક-2022:ગાંધીનગરમાં EDII ખાતે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે પાંચ સ્ટાર્ટઅપ્સનું સન્માન

અમદાવાદ15 કલાક પહેલા

ડિજિટલ ઈન્ડિયા વીક-2022 અંતર્ગત કેન્દ્રીય રેલવે, ઈલેક્ટ્રોનિક એન્ડ આઈ.ટી.મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં ગાંધીનગરના ભાટ ગામ ખાતે EDII-એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડિયા ખાતે દેશની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે વિવિધ યુનિવર્સિટીઓ અને ઇન્ક્યુબેશન સેન્ટર્સમાંથી ઉપસ્થિત આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ, ઉદ્યમીઓ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તદુપરાંત, મંત્રીના હસ્તે વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરાયેલા પાંચ જેટલા સ્ટાર્ટઅપ્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ગુજરાતમાં EDII જેવી મોટી સંસ્થા હોય, તેનાથી મને આશ્ચર્ય નથી થતું, કારણ કે ગુજરાતીઓના તો લોહીમાં જ ધંધો છે. તેમણે ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમની સફળતા અંગે જણાવ્યું કે, આજથી 10 વર્ષ પહેલાં જ્યાં દેશભરમાં માત્ર 300-400 સ્ટાર્ટઅપ્સ હતાં, ત્યાં આજે 75 હજાર જેટલાં સ્ટાર્ટઅપ્સ છે. જેમાંથી 103 તો યુનિકોર્ન છે. જે સંખ્યા સમગ્ર યુરોપના કુલ યુનિકોર્ન્સની સંખ્યાના બમણાં કરતાં પણ વધારે છે.

મંત્રીએ ઉમેર્યું કે, દેશના યુવાનોમાં ગજબની ઊર્જા અને માનસિક ક્ષમતા છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તો અનેક સમસ્યાઓનાં સમાધાન હાથવેંતમાં છે. યુવાનોની આ શક્તિને ઓળખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સાત વર્ષ પહેલાં 'ડિજિટલ ઇન્ડિયા'નો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. જેના થકી આજે દેશભરના

યુવાનોમાં હકારાત્મક સ્પર્ધા શરૂ થઈ છે અને દૈનંદિન નવાં સ્ટાર્ટઅપ્સ શરૂ થઈ રહ્યા છે.

દેશની આગળ વધતી ઈકોસિસ્ટિમની તાકાત વિશે જણાવતા તેમણે કહ્યું કે, આ તમામ નવાગંતુકોનું તમામ જોખમ-રસ્કિ સરકારે પોતાના માથે લઈ લીધું છે. જેમની પાસે કોઈ પણ સમસ્યાનું સમાધાન છે, નવું કરવાનો ઉત્સાહ છે, તેવા વિદ્યાર્થીઓ, નાના-મોટા કોઈ પણ નાગરિકો તેમાં જોડાઈ શકે છે. ડિફેન્સ માટેની ડિફેક્સ પોલિસી સાથે આશરે 100 જેટલાં સ્ટાર્ટઅપ્સ જોડાયા છે, તો રેલવેમાં પણ 150 જેટલા સ્ટાર્ટઅપ્સ જોડાયા છે. જ્યારે પોસ્ટલ બેંક સાથે પણ 80થી 90 જેટલાં સ્ટાર્ટઅપ્સ જોડાયા છે.

તેમણે વધુમાં કહ્યું કે, અમે પ્રારંભિક તબક્કે ત્રણ સ્ટેશનોના રિડેવલપમેન્ટનો પ્રયોગ કર્યો. જેમાં સફળતા મળ્યા બાદ હવે દેશભરના બીજા 360 રેલવે સ્ટેશનોના વર્લ્ડ ક્લાસ રિડેવલપમેન્ટનો પ્લાન છે. જેમાં ગુજરાતના અમદાવાદ, સુરત, ઉધના, વડોદરા, રાજકોટ, સોમનાથ સહિતના સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં નાના સ્ટેશનોનું પણ રિડેવપલમેન્ટ કરવામાં આવશે. તેમણે કહ્યું, આગામી સમય ‘ચિપ્સ’નો છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે અમાપ સંભાવનાઓને રહેલી છે. જેને ધ્યાનમાં રાખીને જ વડાપ્રધાન દ્વારા 1લી જાન્યુઆરી, 2022ના રોજ 76 હજાર કરોડની સેમિકન્ડક્ટર પોલિસી અમલમાં મૂકવામાં આવી છે. જેના થકી રોજગારીની નવી તકો ઊભી થશે.

આજે દેશભરમાં 6 લાખ કરોડની આર્થિક ક્ષમતાની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી થકી 25 લાખ લોકો રોજગારી મેળવી રહ્યા છે. આગામી પાંચ વર્ષમાં આ ઇન્ડસ્ટ્રીને 25 લાખ કરોડની બનશે તેમજ તેના કારણે 80થી 90 લાખ લોકોને રોજગારી મળવાનો આશાવાદ પણ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. આના ડિઝાઇનિંગ માટે સ્ટાર્ટઅપ્સ અત્યંત મહત્ત્વના સાબિત થશે. જેના માટે જરૂરી પ્લેટફોર્મ સરકાર દ્વારા પૂરું પાડવાની ખાતરી મંત્રીએ આપી હતી.